NEP-2020 માર્ગદર્શિકા મુજબ

# ગુજરાતી
## (પલાશ)
### (ગુજરાતી-પ્રથમ ભાષા)
# MASTER

સ્વાધ્યાયપોથી - સ્ટડી મટીરિઅલ - ભાષા સજ્જતા - નિબંધ

## ધોરણ - 6 (પ્રથમ સત્ર)



Alankar® Publication

Alankar.live
Scan & Learn

# પ્રસ્તાવના...

ટીચિંગ-લર્નિંગ કાર્યને સરળ બનાવતું પુસ્તક **MASTER** આપના હાથમાં મૂકતાં આનંદ અનુભવીએ છીએ.

ધોરણ 6 થી 8ના મુખ્ય તમામ વિષયોમાં પાઠ્યપુસ્તકના તમામ એકમોના તમામ મુદ્દાઓને સારી રીતે શીખવા-શીખવવા માટે શિક્ષક-વિદ્યાર્થી પાસે વર્ગકાર્યમાં પર્યાપ્ત સમય હોતો નથી. વર્ગકાર્યનો મોટા ભાગનો સમય વિદ્યાર્થીઓને જવાબ લખાવવામાં જ વેડફાઈ જતો હોય છે. કેટલાક વિદ્યાર્થીઓની લેખન ઝડપ ઓછી હોય તો પર્યાપ્ત સમયમાં જવાબો લખી ન શકવાને કારણે જે-તે મુદ્દાની સમજ મેળવી શકતા નથી. ત્યારે **MASTER** માં એક એકમની શીખવા-શીખવવાની જરૂરી તમામ માહિતી ઉપલબ્ધ છે. **ઓબ્જેક્ટિવ** પ્રકારના પ્રશ્નોના જવાબ પુસ્તકમાં જ લખી શકે તે માટે પર્યાપ્ત જગ્યા આપી છે. **સબ્જેક્ટિવ** પ્રકારના પ્રશ્નો ઉત્તરો સાથે આપ્યા છે. જેથી લેખનનો સમય બચે છે. શિક્ષક દરેક મુદ્દાને વિગતે સમજાવી શકે છે અને વિદ્યાર્થી માટે દરેક પ્રશ્નો જાતે જ સમજવા સરળ બને છે.

**MASTER** માં વિષયને અનુરૂપ **સ્વાધ્યાયપોથી, સ્ટડી મટીરિઅલ, વ્યાકરણ, નિબંધ, બધું જ એક જ પુસ્તકમાં** સમાવિષ્ટ હોવાથી અલગ-અલગ પુસ્તકો બનાવવાની જરૂર રહેતી નથી. દફતરનું ભારણ ઘટે છે અને એક જ પુસ્તકમાં બધું જ ઉપલબ્ધ હોવાથી અભ્યાસ સરળ અને પરિણામલક્ષી બને છે.

શિક્ષક-વિદ્યાર્થીએ એકમને અનુરૂપ કરવાની પ્રવૃત્તિઓ અને માર્ગદર્શિકા પણ **MASTER**માં હોવાથી વાર્ષિક શિક્ષણકાર્યનું ભારણ ઘટે છે. દરેક એકમને અંતે હેતુઓ - અધ્યયન નિષ્પત્તિઓ દ્વારા મૂલ્યાંકન પણ થઈ શકે છે. દરેક સત્રમાં લેવાતી પરીક્ષાઓનાં નમૂનારૂપ પ્રશ્નપત્રો દ્વારા પરીક્ષાલક્ષી જાણકારી સૌને ઉપયોગી રહેશે.

**MASTER** બનાવતા ખૂબ જ કાળજી રાખવામાં આવી છે. આમ છતાં, માનવસહજ સરતચૂક કે ટેક્નોલૉજીની ક્ષતિને કારણે વિગતદોષ, માહિતીદોષ કે અન્ય કોઈ વિસંગતતા જણાય તો સત્વરે ધ્યાન દોરવા વિનંતી. યોગ્ય સૂચનોને તજ્જ્ઞોના માર્ગદર્શન બાદ સુધારી લેવામાં આવશે.

- પ્રકાશક

# અનુક્રમણિકા


| ક્રમ | એકમ | | પાનાં નં. |
|---|---|---|---|
| 1 | **પર્વત તારા** | પ્રાર્થનાગીત | 03 |
| 2 | **વાર્તા રે વાર્તા** | વાર્તા | 09 |
| 3 | **ચોમાસામાં સૃષ્ટિસૌંદર્ય** | પ્રકૃતિનિબંધ | 20 |
| 4 | **દૃષ્ટિ પારની સૃષ્ટિ** | વિજ્ઞાનકથા | 29 |
| 5 | **જય-જય ગરવી ગુજરાત !** | શૌર્યગીત | 39 |
| 6 | **રાષ્ટ્રીય શાયર...ઝવેરચંદ મેઘાણી** | જીવનચરિત્ર | 45 |
| 7 | **નવી નવાઈનું સરઘસ** | બાળનાટક | 52 |
| 8 | **રામ રાખે તેમ રહીએ** | ભજન | 58 |
| 9 | **નામનો મોહ છૂટ્યો** | પ્રેરક કથા | 63 |
| 10 | **લેખણ ઝાલી નો રહી** | લોકકથા | 70 |
| 1 | **પૂરક વાચન 'ચાલ ફરીએ....'** | ગીત-કાવ્ય | 77 |
| * | **નમૂનારૂપ આદર્શ પ્રશ્નપત્ર – 1** | | 78 |
| * | **મારુ નિબંધ લેખન - 1** | | 82 |



No part of this publication can be reproduced, stored in a retrieval system or transmitted in any form or by any means-electronic, mechanical, phototyping, recording or otherwise without the prior written permission of the publishers. All right of export of this book is reserved with the publisher. Any person who does any unauthorised act in relation to this publication will be liabel to legal prosecution and civil claimes for damages.



# 2. વાર્તા રે વાર્તા (વાર્તા)

- સંકલિત

બાળમિત્રો, આપ સૌને વાર્તા સાંભળવી તો ગમતી જ હશે ! ઘણા બાળમિત્રોને તો વાર્તા વાંચવી ને કહેવી પણ ગમતી હશે ! આ એકમમાં ગુરુજી એક પ્રયોગ કરે છે. પોતે વાર્તા શરૂ કરે છે ને બાળકો વાર્તા આગળ વધારતા-વધારતા સુંદર રીતે પૂર્ણ કરે છે. સરસ છે ને આ પ્રયોગ ! તમે પણ કરજો.

### -: શબ્દાર્થ :-

**ગાઢ** - ગહન, ઘેઘૂર, **લૂંબે ને ઝૂંબે** - ભરચક, પુષ્કળ, **સડાક** - જલદી, ઝડપથી, **ભોંય** - જમીન, **પંચ** - કોઈ સમસ્યાનો નિકાલ કરવા કે તેનો માર્ગ કાઢવા નિમાયેલા પાંચ કે તેથી વધુ માણસોનું મંડળ, **કકળાટ** - રાડારોળ, બૂમરાણ, **પડઘમ** - ડાંડિયાથી ઠોકીને વગાડવાનું મોટું ઢોલ જેવું ચર્મવાદ્ય (અહીં કૂકડાઓનો નાદ કે અવાજ છે.) **શરણાઈ** - ફૂંકીને વગાડવાનું એક વાદ્ય, **દેશવટો** - દેશનિકાલ, હદપાર, **સજ્જ** - તૈયાર, **કલગાન** - કલશોર, **છાતીપૂર** - છાતી સુધીનું પૂર, **ઘમસાણ** - ઉન્માદભર્યો આનંદ, આનંદના આવેગમાં બધું અસ્તવ્યસ્ત કરી દેવું, **તીણી** - તીક્ષ્ણ, ધારદાર, **છળી ઊઠવું** - છેતરાઈ જવું, **આરો ન હોવો** - કોઈ ઉપાય ન હોવો, **ગમગીન** - ઉદાસ, દુઃખી, **ભાસ** - આભાસ, વહેમ, **આવેગ** - જોશ, **ચિત્કાર** - શોરબકોર , ચીસ, રાડ, કોલાહલ, **કલ્પાંત** - રડારોળ, આક્રંદ

### -: સમજૂતી :-

કરુણાશંકર ગુરુજી આવતાં જ વર્ગખંડનાં બાળકો 'વાર્તા રે વાર્તા' કહીને ગુરુજીને વાર્તા કહેવા કહે છે. ગુરુજી કહે છે કે 'ભલે, હું વાર્તા શરૂ કરીને વચ્ચેથી છોડી દઈશ; તેને તમારે સૌએ આગળ વધારવાની.' બાળકો સહમત થાય છે.

**ગુરુજી વાર્તા શરૂ કરે છે..** 'એક હાથી હતો. ઉનાળો હતો તેથી તાપથી શિયાવિયા હાથી આંબાના ઝાડ નીચે ઊભો રહે છે. આંબા પરની કેરી જોઈને હાથીને ટાઢક વળે છે.'

**અહીંથી વાર્તાને વિદ્યાર્થીઓ આગળ વધારે છે...** ''હાથી તેની સૂંઢથી કેરી તોડી મોંમાં મૂકે છે. કેરી ખાઈને હાથીની ભૂખ અને તરસ શાંત થાય છે. હાથી ગેલમા આવીને પોતાની સૂંઢ આમતેમ ઉછાળે છે. એમાં ઝાડની એક ડાળી તૂટી જાય છે. એ ડાળ પર કાગડીનો માળો હતો. તે માળામાં ત્રણ ઈંડાં હતાં. માળા સહિત ત્રણેય ઈંડાં તૂટી જતાં કાગડી કકળાટ કરે છે.'' **આ વાતને કરુણાશંકર ગુરુજી વચ્ચેથી સાંધે છે. ફરી બાળકો વાર્તાને આગળ વધારે છે...** કાગડીના અવાજથી બધા જ કાગડાઓ એકઠા થઈ જાય છે ને હાથી તો પોતાની મસ્તીમાં ઠંડા કલેજે ચાલતો થાય છે. કાગડી નાતના પંચને ન્યાય માટે ફરિયાદ કરે છે. નાતનો મુખી કાગડીની ફરિયાદ સાંભળીને ગરુડરાજાના દરબારમાં લઈ જાય છે. કાગડીની ફરિયાદ સાંભળીને ગરુડરાજાનું પ્રધાનમંડળ હાથીને દેશવટા (હદપાર)ની સજા ફરમાવે છે. બાજ સેનાપતિ અને તેની ટુકડી હાથીને શોધે છે. હાથી તેમને સરોવરમાં મળે છે. બાજ સેનાપતિ અને તેની ટુકડી હાથીને ચાંચ મારીને હદપાર કરી દે છે. હાથી લીલુડા વનની હદ વટાવીને ડુંગરની પેલી બાજુની સાંકડી ઘાટીમાંથી બહાર નીકળી જાય છે.

**ફરીથી કરુણાશંકર ગુરુજી વાર્તાને આગળ વધારે છે...** 'ધોળી કબૂતરી જેનું નામ કપૂરી છે તે હાથીની ધર્મની બહેન છે. તે હાથીના આ અપરાધથી ઉદાસ છે અને હાથીની હદપારીથી બેચેન છે.'

**બાળકો વાર્તા આગળ વધારે છે...** તે ડુંગરની દીવાલ ઓળંગી હાથીને શોધવા નીકળે છે. અહીં નાનકડી એક જ લીલીપટ્ટી છે ને ઝરણું છે. ઝાડવાના અડધા-પડધા છાંયડામાં હાથી શરીર સંકોચીને પડ્યો હતો. કબૂતરી હાથીની સૂંઢ પર બેસે છે ને હાથીની આંખમાંથી આંસુ વહેવા લાગે છે. કબૂતરી હાથીને તેણે કરેલી ભૂલ, અપરાધનો બોધ કરાવે છે. હાથીને પણ પસ્તાવો થાય છે. પણ તેને ડર છે કે કાગડી તેને માફ નહીં કરે. કબૂતરી હાથીને કહે છે કે ''તને જો સાચો પસ્તાવો થતો હોય તો હું પક્ષીઓના રાજા ગરુડ પાસે માફીની વિનંતી કરું.'' કબૂતરીની વિનંતીથી પક્ષીઓનો રાજા ગરુડ હાથીની હદપારની સજા માફ કરે છે.

**વાર્તાની પૂર્ણાહુતિ કરુણાશંકર ગુરુજી કરે છે...** 'સજા માફ થતાં હાથી ફરી લીલુડા વનમાં આવે છે. કબૂતરી હાથીના માથા પર બેઠી છે. હાથી આનંદનો ચિત્કાર કરતો પેલા આંબાની નીચે આવીને ઊભો રહે છે, ત્યારે કાગડી પણ તેના માથા પર આવીને બેસે છે.

બાળકો અને તેમના ગુરુજીએ બનાવેલી આ સુંદર વાર્તાનો સુખદ અંત આવે છે. અપરાધ, અપરાધબોધ અને પશ્ચાત્તાપ તથા માફીને આ વાર્તામાં સુંદર રીતે વણી લેવામાં આવ્યાં છે.

## : સ્વાધ્યાય :

**1. નીચેના પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરી તેનો ક્રમ ☐ માં લખો :**

**(1) નવી વાર્તા કહેવાની વાત કોણે કરી ?** – ☐

(A) કરુણાશંકર ગુરુજીએ (B) હર્ષદે (C) કલ્યાણીએ (D) જમનાશંકર ગુરુજીએ

**(2) ડાળી પર કોનો માળો હતો ?** – ☐

(A) કોયલનો (B) ચકલીનો (C) કાબરનો (D) કાગડીનો

**(3) પંખીઓનો રાજા કોણ છે ?** – ☐

(A) ગરુડ (B) ગીધ (C) મોર (D) સમડી

**(4) કાગડીની ફરિયાદ કોણે સાંભળી ?** – ☐

(A) રાજાએ (B) સેનાપતિએ (C) પ્રધાનમંડળે (D) ન્યાયાધીશે

**(5) હાથીની ધર્મની બહેન કોણ હતી ?** – ☐

(A) બુલબુલ (B) કબૂતરી (C) કોયલ (D) ચકલી

**(6) કબૂતરીનું નામ શું હતું ?** – ☐

(A) કસ્તૂરી (B) મયૂરી (C) મધુરી (D) કપૂરી

**2. કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો :**
**(તીરવેગે, કડડડ, હળવેક, સડાક, ધમપછાડા, હાંફળોફાંફળો)**

(1) હાથીએ .................... કરતી સૂંઢ ઊંચકી.

(2) હાથીએ એક ડાળીને પકડમાં લીધી અને .................... ડાળી તૂટી પડી.

(3) હાથીએ .................... રહીને સૂંઢ ઊંચકી.

(4) હાથી .................... દોડ્યો જાય છે.

(5) બાજ સરદાર હવામાંથી .................... હાથી પર ધસે છે.

(6) .................... કરતો હાથી પાણીમાંથી બહાર નીકળે છે.

**3. નીચે આપેલાં વાક્યોમાંથી ખરાં વાક્યની સામે ☑ અને ખોટાં વાક્યની સામે ☒ ની નિશાની કરો :**

(1) કાગડીના માળામાં તેનાં બે ઈંડાં હતાં. – ☐

(2) ગરુડના દરબારના દરવાજે ગીધની ચોકી હતી. – ☐

(3) સેનાપતિ તરીકે બાજ પક્ષી હતાં. – ☐

(4) કબૂતરીએ બાજ સેનાપતિ પાસે હાથી માટે દયાની યાચના કરી. – ☐

(5) પ્રધાનમંડળ બતકોનું હતું. – ☐

**4. ઉદાહરણ મુજબના શબ્દો કોષ્ટકમાં લખો :**

| | | |
|---|---|---|
| ઉદા.ઘટા-ઘટાદાર | કસ- | વજન- |
| સુગંધી- | રસ- | જોર- |

| | | |
|---|---|---|
| અણી- | નસીબ- | મલાઈ - |
| ખુશબો- | | |

**5. આ પાઠમાંથી પ્રાણીઓના અવાજ રજૂ કરતાં વાક્યો શોધીને લખો : અન્ય પક્ષીઓના અવાજના આધારે વાક્ય બનાવો :**

(1) મોર -

(2) કોયલ -

(3) કબૂતર -

(4) હોલો -

(5) કાગડો -

(6) ચકલી -

**6. નીચેના વાક્યો કોણ બોલી શકે તે એકમમાંથી શોધી લખો :**

(1) “અપરાધી હાથીને રાજ્યમાંથી કાઢી મૂકવામાં આવે.” -

(2) “ ભાઈ! તેં તો હર્ષમાં ને હર્ષમાં ન કરવાનું કર્યું.” -

(3) “પંચ પરમેશ્વર! હાથીના આ કૃત્ય સામે મને વાંધો છે.” -

(4) “મેં હર્ષના આવેગમાં આવીને જે કૃત્ય કર્યું તેનો મને ખૂબ જ પસ્તાવો છે.” -

(5) “તું તારા અપરાધની ક્ષમા ઈચ્છે છે. એમ હું પક્ષીરાજ ગરુડ પાસે જઈને કહીશ.” -

**7. નીચેના પ્રશ્નોના જવાબ એક-એક વાક્યમાં લખો :**

● **(સમજ આધારિત પ્રશ્નો)**

**(1) તમને કોણ - કોણ વાર્તા સંભળાવે છે ?**

**(2) તમને કેવી-કેવી વાર્તાઓ સાંભળવી ગમે ?**

**(3) તમે પશું-પંખીઓની ભાષા જાણતા હો, તો શું કરો ?**

**(4) પશુ-પંખીઓને આપણાં સાથી-સંગી કહેવાય? કેમ ?**

**(5) ‘વાર્તા રે વાર્તા’માંથી તમને કયું પાત્ર ગમ્યું? કેમ ?**

**(6) તમને ક્યારેય કોઈ બાબતનો પસ્તાવો થયો છે ? કેમ ?**

# અલંકાર ગુજરાતી વ્યાકરણ

## (ગુજરાતી શબ્દકોશ, વ્યાકરણ અને લેખન એક જ પુસ્તકમાં)

### ધોરણ 6 / 7 / 8 / માટે અલગ-અલગ પુસ્તકો




### વિશેષતાઓ

- ધોરણને અનુરૂપ **વિશાળ શબ્દભંડોળ**
- શબ્દોના શુદ્ધ ઉચ્ચારણની સમજ
- સાચી જોડણીનું મહત્ત્વ સમજાવતાં પુસ્તકો
- શબ્દકોશની ઉપયોગિતા
- શબ્દકોશમાંથી શબ્દના અર્થ મેળવવાની યોગ્ય પદ્ધતિની સમજ
- **વ્યાકરણના દરેક મુદ્દાની સૂક્ષ્મ છણાવટ**
- પાઠ્યપુસ્તકના વ્યાકરણ સાથે મહાવરા માટે વિશેષ વ્યાકરણ
- સ્વાધ્યાય દ્વારા સ્વ-અધ્યયનની પ્રવિધિઓ
- લેખનવિકાસ માટે નોંધપાત્ર સચોટ સામગ્રી જેમ કે...
  નિબંધ, વાર્તાલેખન, પત્ર, વિચાર-વિસ્તાર, સંક્ષેપીકરણ અહેવાલ લેખન, પદ્યાર્થગ્રહણ, ગદ્યાર્થગ્રહણ વગેરે...
- **વાંચન, લેખન, પઠન અને શ્રવણ કૌશલ્યને વિકસાવવા માટે સહાયક વિષય વૈવિધ્ય.**
- ગુણવત્તાયુક્ત કાગળ ક્વૉલિટી અને આકર્ષક પ્રિન્ટિંગ


‘સ્માર્ટ શિક્ષણ પદ્ધતિ’

# અલંકાર MASTER

## રેફરન્સ કોર્સ બુક સિરીઝ (ધોરણ 5 થી 8)


NEP-2020 માર્ગદર્શિકા મુજબ






















## વિશેષતાઓ

વર્ગ શિક્ષણકાર્ય દરમિયાન **Teaching Time** નો મહત્તમ ઉપયોગ થઈ શકે.

વિદ્યાર્થીને જાતે સમજવા અને તૈયારી કરવા માટે **વિસ્તૃત સમજ સાથે સહાયક.**

ઓબ્જેક્ટીવ પ્રકારના પ્રશ્નો-જવાબો લખવા માટે **પર્યાપ્ત અવકાશ.**



સ્વાધ્યાયપોથી, સ્ટડી મટીરિઅલ, નિબંધ લેખન, પ્રયોગપોથી, નકશાપૂર્તિ, વ્યાકરણ. બધું જ એક જ પુસ્તકમાં સમાવિષ્ટ હોવાથી દફતરનું ભારણ ઘટે છે, **‘ભાર વિનાનું ભણતર’.**

- સરળ અને **પરિણામલક્ષી અભ્યાસ**નો પર્યાય પૂરું પાડતી પુસ્તક સિરીઝ.
- Alankar.live કનેક્ટેડ.

એકમને **અનુરૂપ શૈક્ષણિક પ્રવૃત્તિઓ** અંગેની માર્ગદર્શિકા તથા દરેક એકમની **અધ્યયન નિષ્પત્તિઓ.**

Alankar® Publication